સુપરવાઈઝરોની ભરતી કાંડ વચ્ચે નવો વિવાદ

ફાયર બ્રિગેડમાં ભરતી પ્રક્રિયામાં કૌભાંડ, રિચેકિંગ કરવાની માગણી

RTIમાં માહિતી નહીં મળતાં AMC કમિશનર સમક્ષ ઉમેદવારની લેખિત રજૂઆત

। અમદાવાદ ।

AMCના એન્જિનિયરિંગ વિભાગમાં ૯૩ સહાયક ટેકનિકલ સુપરવાઈઝરની ભરતી પ્રક્રિયામાં ત્રણ ઉમેદવારોના માર્કમાં ઉમેરો કરીને ભરતી કૌભાંડના મામલો ચર્ચાની ચકડોળે ચડ્યો છે. આ ભરતી પ્રક્રિયા કૌભાંડના પર્દાફાશને પગલે ભારે વિવાદ ચાલી રહ્યો છે ત્યારે જ થોડા સમય પહેલાં AMCના ફાયર બ્રિગેડમાં ઉચ્ચ અધિકારીઓની થયેલી ભરતીમાં પણ કૌભાંડ કરવામાં આવ્યું હોવાની આશંકા દર્શાવીને એક ઉમેદવાર દ્વારા ફાયરની ભરતીમાં ઉમેદવારોના લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યૂના માર્કના રીચેકિંગ કરવાની માગણી સાથે AMC કમિશનર એમ. થેન્નારસન સમક્ષ લેખિત રજુઆત કરાઈ છે. આ ઉમેદવારે તા. ૩૧૦ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ RTI અરજી કરીને ફાયર બ્રિગેડમાં કરાયેલી ભરતી અંગેની વિગતો માંગવામાં આવી હતી. પરંતુ અગમ્ય કારણોસર AMC દ્વારા આ બાબતે માહિતી શેર કરવાનો ઈન્કાર કરવાને પગલે ફાયર બ્રિગેડમાં થયેલી ભરતીમાં પારદર્શિતા જાળવવામાં આવી હોવા મામલે શંકા દર્શાવવામાં આવી છે અને આ ભરતી પ્રક્રિયામાં ફરીથી માર્કસ તપાસવાની માંગ કરી છે.

AMC કમિશનર સમક્ષ કરાયેલ લેખિત રજુઆતમાં ઉમેદવારે જણાવ્યું છે કે, એડિશનલ ચીફ ફાયર ઓફિસર અને ડેપ્યુટી ફાયર ઓફિસરની ભરતીમાં ઉમેદવારી ફોર્મ ભર્યું હતું અને પરીક્ષામાં પાસ થઈ ગયા હતા અને ઈન્ટરવ્યૂમાં પણ સામેલ હતા. આ સમગ્ર ભરતી પ્રક્રિયામાં તપાસ કરવામાં આવે અને લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યૂના માર્કસ અંગે રીચેકિંગ કરવામાં આવે. RTI હેઠળ માંગવામાં આવેલી માહિતીમાં બીજાના માર્કસ ન કહી શકાય તેવું કહેવામાં આવ્યું છે ત્યારે ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા મુદ્દે પ્રશ્નાર્થ સર્જાયા છે.

ભુજમાં બોરમાં સરકેલી યુવતીનું ૩૫ કલાકના અંતે મોત

। ભુજ ।

ભુજ તાલુકાના કંઢેરાઈ ગામની સીમમાં આવેલી વાડીના બોરવેલમાં ૪૯૦ ફૂટ ઊંડે ફસાયેલી યુવતીને અનેક અડચણ વચ્ચે ૩૫ કલાક બાદ એનડીઆરએફે બહાર કાઢી હતી. જોકે, ત્યાં સુધી ઈન્દ્રા જિંદગીનો જંગ હારી ગઈ હતી.

વાડીમાં બંધ પડેલા ૫૪૦ ફૂટ ઊંડા બોરવેલમાં કચ્છમાં મજૂરીકામ કરતી રાજસ્થાનના પ્રતાપગઢ જિલ્લાની ૨૨ વર્ષીય યુવતી ઈન્દ્રા મીણા સોમવારે સવારે પ:૩૦ કલાકે અગમ્ય કારણોસર પડી ગયા બાદ ૪૯૦ ફૂટ ઊંડે ફસાઈ ગઈ હતી. તેના પિતરાઈ ભાઈએ વાડીમાલિકને જાણ કર્યા બાદ આર્મી, બીએસએફ, એનડીઆરએફ સહિતની એજન્સીઓ રેસ્કયુ ઓપરેશનમાં લાગી હતી.

અત્યાધુનિક રોબોટની મદદથી હૂક દ્વારા

રાત્રે ૪૦૦ ફૂટ ખેંચ્યા બાદ હૂક તૂટ્યો, ફરી ૪૩૦ ફૂટ ઉપર ખેંચી તો ફરી સરકી ગઈ

યુવતીને બહાર કાઢવા કામગીરી કરાઈ હતી. પરંતુ રાત્રે ૪૦૦ ફૂટ જેટલી બહાર ખેંચી લીધા બાદ હૂક તૂટતા યુવતી ફરી ઊંડે સરકી ગઈ હતી. તંત્રે હિંમત હાર્યા વિના ફરી એકવાર ૪૩૦ ફૂટ સુધી ઉપર ખેંચ્યા બાદ બોરમાં અડચણથી પુનઃ ઊંડે સરકી ગઈ હતી. બે વખત પડકારનો સામનો કર્યા પછી ફરી મંગળવારે બપોર બાદ બોરમાંથી મોટર બહાર કાઢવાની કેઈન તેમજ એનડીઆરએફના વી હૂકની મદદથી ચારેક વાગ્યાના અરસામાં એટલે કે, બોરવેલમાં પડ્યાના ૩૫ કલાક બાદ આખરે યુવતીને બહાર કાઢવામાં સફળતા મળી હતી. બોરવેલમાંથી યુવતીને બહાર કાઢી ભુજની હોસ્પિટલમાં લઈ જવાઈ હતી. જ્યાં તબીબોએ તેનું મોત થયું હોવાનું જાહેર કર્યું હતું. યુવતીના ભાઈને પૂછપરછ માટે એલસીબી ક્યેરીએ લઈ જવાયો છે. આ બનાવ હત્યાનો છે કે આત્મહત્યાનો તે મુદે પણ પોલીસ તપાસ કરી રહી છે.

મંગળવારે બપોર પછી યુવતીને બોરમાંથી બહાર કાઢી ત્યાં સુધીમાં મોત થઈ ચૂકેલું

હાજીપુરા ગાર્ડનમાં ૬ વર્ષના સંતાનને લઈ પ્રેમીને મળવા ગઈ હતી

શાહીબાગ પાસે PSIની તૈયારી કરતા પ્રેમીએ પરિણીત પ્રેમિકાની હત્યા કરી

ઘટના સ્થળે સીસીટીવીમાં કૌશિકનું બાઈક અને જેકેટ દેખાયા હતા

। અમદાવાદ ।

શાહીબાગના નમસ્તે સર્કલ પાસે આવેલા હાજીપુરા ગાર્ડનમાંથી એક ૩૭ વર્ષીય પરિણીતાની ૬ વર્ષના

સંતાન સામે જ પ્રેમીએ ચપ્પાના ચાર ઘા મારીને હત્યા કરીને બાઈક લઈને ત્યાંથી જતો રહ્યો હતો. બીજી તરફ, પ્રેમીએ પણ વાડજ રિવરફ્રન્ટ પર બાઈક પાર્ક કરીને સાબરમતિ નદીમાં ઝંપલાવીને આપઘાત કર્યો હતો. બન્નેની લાશ પોલીસે અસારવા સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી હતી. આ અંગે મૃતકના પતિએ માધુપુરા પોલીસ સ્ટેશનમાં પત્નીના પ્રેમી વિરુદ્ધમાં હત્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે. નમસ્તે સર્કલ પાસે હાજીપુરા ગાર્ડનમાંથી મંગળવારે સાંજે ૩૭ વર્ષીય ક્રિષ્ના મારવાડી નામની પરિણીતાની લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવી હતી. જેના પગલે માધુપુરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે હત્યા અંગે સીસીટીવી ફૂટેજ તપાસતા મૃતકનો પાડોશી કૌશિકનું બાઈક, જેકેટ દેખાયા હતા. જેના પગલે પોલીસે આરોપી કૌશિક મકવાણાની શોધખોળ શરૂ કરી હતી. આ દરમ્યાન કૌશિકની બાઈક સુભાષબ્રિજ રિવરફ્રન્ટ પાસેથી મળી આવતા તેણે આત્મહત્યા કરી હોવાની શંકા થતા જતા પોલીસે તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરી હતી. આથી ફાયરની ટીમે સાબરમતી નદીમાં ૪૦ મિનિટ સુધી શોધખોળ કરતા આરોપી કૌશિકની લાશ મળી આવી હતી. ક્રિષ્નાબેન તેમના ૬ વર્ષના બાળકને લઈને હાજીપુરા ગાર્ડનમાં કૌશિકને મળવા ગયા હતા ત્યારે ક્રિષ્ના અને કૌશિક વાતચીત કરી રહ્યા હતા ત્યારે બન્ને વચ્ચે બોલાચાલી થતાં કૌશિકે ૬ વર્ષીય બાળકની સામે ૩થી વધુ ચપ્પાના ઘા મારીને ક્રિષ્નાબેનની હત્યા કરી હતી.

સોનાલીકા: અસંભવિત ભારતીય સક્સેસ સ્ટોરી

શ્રી એલ. ડી. મિત્તલ
અધ્યક્ષ - સોનાલીકા ટ્રેક્ટર્સના

US $1.1 બિલિયન ટર્નઓવર

ઋણ મુક્ત અભિગમ

૩ સિદ્ધાંતો - શ્રેષ્ઠ ઉત્પાદન અને સેવા, હિતધારકોને પ્રાથમિકતા અને કોઈ શોર્ટકટ નહીં નૈતિક દૃષ્ટિકોણ.

ભારત સ્વપ્નદ્રષ્ટાઓથી ભરેલો દેશ છે, જેઓની અવિરત મહેનતે તેઓની એક અવિસ્મરણિય છાપ છોડી છે અને સફળતાના શિખરોને સ્પર્શ્યા છે. એક ખુલાસાભર્યા સંવાદમાં, ટ્રેક્ટરના સ્વપ્નદ્રષ્ટા અત્યંત પ્રજ્ઞ, શ્રી એલ. ડી. મિત્તલ, સોનાલીકા ટ્રેક્ટર્સના અધ્યક્ષ,આપણી સાથે શેર કરે છે કે કેવી રીતે ખેડૂત સમુદાયને સશક્ત બનાવવાનું તેમનું સ્વપ્ન આ અવિશ્વસનીય ભારતીય સફળતાની કથાનું આધારસ્તંભ બન્યું.

સવાલ: સોનાલીકાની વૃદ્ધિની વાર્તા અવિશ્વસનીય છે. તેની પાછળનો સફળતાનો મંત્ર શું છે?

સોનાલીકાનો જન્મ પંજાબના બિન-ઔદ્યોગિક નગર હોશિયારપુરમાં થયો હતો અને આજે તે અંદાજે $ 1.1 બિલિયનના કુલ વેચાણ સાથે ફોર્ચ્યુન 500 ઈન્ડિયા 2024 ની સૌથી મોટી કંપનીઓની યાદીમાં સામેલ થયું છે. આ કલ્પના કરતાં વેગળું છે પણ સાચું છે. અહીં સુધી પહોંચવા માટેની અમારી સફળતા પાછળનું કારણ છે ખેડૂતોને વૈશ્વિક તકનિક પૂરી પાડી તેમના કામને સરળ બનાવવું અને ખેતીની ઉત્પાદકતામાં વધારો કરવાનો દૃઢ વિશ્વાસ, પછી ભલે તે કાર્યનું માપદંડ કઇ પણ કેમ ન હોય. શરૂઆતથી જ સોનાલીકાની પાયાની સ્થાપના ત્રણ તત્વો પર થઇ છે - અમારા ગ્રાહકોને શ્રેષ્ઠ ઉત્પાદન અને સેવાઓ પ્રદાન કરવી, શેર ધારકોના હિતને પ્રાથમિકતા આપવી, અને ઉચ્ચતમ નૈતિક માપદંડો સાથે વ્યવસાય કરવો અને શ્રેષ્ઠતાના માર્ગે કોઈ બાંધછોડ ન કરવી."

શરૂઆતના દિવસોમાં જ્યારે અમે થ્રેસરનું ઉત્પાદન શરૂ કર્યું, ત્યારથી જ અમે સ્પષ્ટ હતા કે અમારે સારામાં સારા જ ઉત્પાદનો આપવા છે, જેના માટે અમે ઘણી વાર ખર્ચને ગૌણ ગણ્યો છે. આ અભિગમના લીધે અમને ખેડૂતોનો આત્મવિશ્વાસ જીતવામાં અને તેમની જરૂરિયાતોને વધુ સારી રીતે સમજવામાં મદદ મળી છે. અમે તેમના પ્રતિભાવથી અભિભૂત થઈ ગયા હતા અને તેથી જ તેઓએ અમને સારી ગુણવત્તાવાળા ટ્રેક્ટરો પણ બનાવવાની વિનંતી કરી હતી. આનાથી અમે 1995 માં ટ્રેક્ટરના વ્યવસાયમાં પ્રવેશવા માટે પ્રોત્સાહિત થયા હતા. ત્યારથી અમે પાછું વળીને જોયું નથી કે સોનાલીકાએ વિશ્વસનીય સેવા અને વફાદારના ટેકા દ્વારા સમર્પિત ઉચ્ચ ગુણવત્તાવાળા ટ્રેક્ટર્સ પૂરા પાડવાના ગ્રાહક-કેન્દ્રિત અભિગમ સાથે દેશભરમાં અને વૈશ્વિક સ્તરે લાખો ખેડૂતોનું દિલ જીતી લીધું છે.

વ્યાપારી સિદ્ધાંતોમાં અમારું પોતાનું સ્વ-શિસ્ત લાદીને અને અમારા સ્વ-સંસાધનો સાથે વિકાસ સાધવાની પ્રતીતિને લાદીને અમે આ બાબતને વધુ મજબૂત બનાવી છે. આ સફર અમારા માટે સરળ ન હતી અને ઘણી વાર તો અમારે અમારું અસ્તિત્વ ટકાવી રાખવાના પ્રશ્નો પણ ઊભા થતા હતા. જો કે, દરેક પ્રસંગે અમે અમારા દેવામુક્ત રહેવાના સિદ્ધાંતને વળગી રહીને વધુ મજબૂત બનીને ઉભરી આવ્યા હતા. જેના લીધે અમને જુદી રીતે વિચારવામાં અને વસ્તુઓને અલગ રીતે કરવામાં મદદ મળી અને તેના લીધે અમે આત્મનિર્ભર બન્યાં છીએ. અમે કોઈ ઉત્પાદન પ્લાન્ટ કે સંશોધન અને વિકાસથી શરૂઆત કરી નથી, પરંતુ અમે જે કરી રહ્યા હતા તે સાચું છે તેવી અમારી નિશ્ચિત માન્યતા છે કારણ કે હું નિશ્ચિતપણે માનું છું કે 'કોશિષ કરને વાલોં કી કભી હાર નહીં હોતી'. આ અભિગમથી અમે દરેક ગ્રાહક સેગમેન્ટ માટે વૈવિધ્યસભર ઉકેલો પ્રદાન કરવા માટે અમારી પોતાની ખેતીની તકનીકો રચના અને વિકાસ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

અમારા ગ્રાહકોની સફળતાને કારણે કંપનીએ અત્યાર સુધીની સફરમાં શબ્દોમાં વ્યક્ત ન કરી શકાય તેવા અસંખ્ય સીમાચિહ્નો હાંસલ કર્યા છે. અમે ભારતમાંથી નંબર 1 ટ્રેક્ટર નિકાસ બ્રાન્ડ હોવાનો ગર્વ અનુભવીએ છીએ, જે બહારની બ્રાન્ડના કરાર ઉત્પાદક બનવાને બદલે ખૂબ જ ગૌરવશાળી રીતે ભારતીય નામ હેઠળ કામ કરે છે. અમારો નિકાસ બજાર હિસ્સો 150થી વધુ દેશોની હાજરી ધરાવતા આગામી પ્રતિસ્પર્ધી કરતાં લગભગ બમણો છે. ભારતમાં - જે વિશ્વનું સૌથી મોટું ટ્રેક્ટર બજાર છે, તેમાં અમે સૌથી મોટી ત્રીજા નંબરની ટ્રેક્ટરની બ્રાન્ડ છીએ, જે કૃષિ ક્ષેત્રના દરેક પાસામાં ઉત્કૃષ્ટતા માટે પ્રયત્નશીલ છે અને ઉદ્યોગના વિકાસને સતત વટાવે છે, જે ગ્રાહકોનું અમારા પરના વિશ્વાસનું નિવેદન છે.

સવાલ. તમે ગ્રાહકોને શ્રેષ્ઠ ઉકેલો આપવાની અને તમારી ફિલસૂફીને સાચી રાખવાની ખાતરી કેવી રીતે કરો?

અમે ધંધાના વ્યાપને ધ્યાનમાં લીધા વિના જે કંઇ પણ કરીએ છીએ તેમાં શ્રેષ્ઠ પ્રદાન કરવાની અમારી માન્યતાને મજબૂતીથી પકડી રાખી છે - પછી તે મહિનામાં 100 ટ્રેક્ટર્સનું પ્રારંભિક ઉત્પાદન હોય કે પછી તે આજનું મહિનાનું લગભગ 15,000 ટ્રેક્ટર્સ સુધીનું ઉત્પાદન હોય. અમે હંમેશાં અમારા ગ્રાહકોની નજીક રહીએ છીએ અને ખાતરી કરીએ છીએ કે અમે તેમની વધતી જતી જરૂરિયાતોને સમજીએ અને તેમની આવશ્યકતાને પહોંચી વળવા માટે અમારા ઉત્પાદનોને ઝડપથી સુધારીએ.

શરૂઆતના વર્ષોમાં એન્જિન અને અન્ય એગ્રીગેટમાં ફેરફાર માટે અમારા સપ્લાયર્સને કરેલી વિનંતીઓ અમારા નીચા વોલ્યુમને કારણે તેમના દ્વારા સ્વીકારવામાં આવી ન હતી. ત્યારે જ અમે ટ્રેક્ટરના ભાગોને અમારી જ કંપનીમાં બનાવવા માટે અમારી પોતાની ક્ષમતાઓનું નિર્માણ કરવાનું નક્કી કર્યું, પછી તે એન્જિન, ટ્રાન્સમિશન, શીટ મેટલ, ગિયર બોક્સ વગેરે હોય, જેથી તેમાં ઝડપથી જરૂરી ફેરફારો કરી શકાય અને અમારા ગ્રાહકોની જરૂરિયાતો વધુ સારી રીતે પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરી શકાય. તેના પરિણામે, અમારા હેવી-ડ્યુટી ટ્રેક્ટર્સની માંગ ઝડપથી વધતી ગઈ અને છેવટે એટલી હદે વધી ગઈ વધી ગઈ કે અમે અમારી ઉત્પાદન ક્ષમતાને વિસ્તૃત કરવાનું નક્કી કર્યું, જે આજે હોશિયારપુરમાં વિશ્વનો નંબર 1 સંપૂર્ણ સંકલિત ટ્રેક્ટર પ્લાન્ટ છે. આ અત્યાધુનિક ઉત્પાદન પ્લાન્ટ દર 2 મિનિટે 1 ટ્રેક્ટર બહાર કાઢે છે, જેને રોબોટિક ઓપરેશન્સ અને ઓટોમેટેડ પ્રોડક્શન લાઇન દ્વારા ટેકો આપવામાં આવે છે, જે એક જ એસેમ્બલી લાઇન પર વિવિધ એન્જિન અને ટ્રાન્સમિશન બનાવવા માટે લવચીક છે. આજ દિન સુધી, પ્લાન્ટ તેની ક્ષમતાઓમાં અતુલનીય છે. અત્યારે અમે સ્થાનિક અને નિકાસ બજારોની ચોક્કસ જરૂરિયાતોને પહોંચી વળવા 2,000 થી વધારે મોડલ વિકસાવી રહ્યાં છીએ.

અમે અમારા વિકેતાઓ સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખ્યું છે અને હોશિયારપુરમાં તેમનો ઉત્પાદન પાયો સ્થાપિત કરવામાં તેમને હેન્ડહોલ્ડ કરીએ છીએ. આનાથી અમને અમારી ફેક્ટરીની આસપાસ સંપૂર્ણ વ્યવસાયિક ઇકોસિસ્ટમ બનાવવામાં મદદ મળી છે. અમારી તકનિકી કુશળતાને વધુ વિસ્તૃત કરવા અને ગ્રાહકોને શ્રેષ્ઠ ઉપાયો આપવા માટે અમે રેનો અને યાનમાર જેવી વૈશ્વિક કંપનીઓ સાથે જોડાણ કર્યું છે.

ખેડૂત સમુદાયના ખુશ ચહેરાઓ જોઈને મને આનંદ થાય છે અને તેમના જીવનને સરળ બનાવવા અને તેમને ટેકો આપવા અને વધુ સારું બનાવવા માટે શક્ય તે બધું કરવા મને પ્રેરણા મળે છે. ગ્રાહકોની અપેક્ષાથી સતત વધુ સારી એવી ટોચની ગુણવત્તાયુક્ત ઉત્પાદન અને સેવાઓ પૂરી પાડવી એ અમારી પ્રથમ પ્રાથમિકતા રહી છે. અમે સતત નવીનતા લાવવા અને દરેક ખેડૂતની જરૂરિયાતોને પહોંચી વળવા અને સર્વોચ્ચ ગ્રાહક સંતોષ આપવા માટે અમારી વ્યૂહરચનાને સુધારવા માટે પ્રતિબદ્ધ છીએ.

સવાલ. સોનાલીકાની તેમના હિસ્સેદારો પ્રત્યે શું ફિલસૂફી છે?

સોનાલીકાનું માનવું છે કે જે પણ અમારી સાથે જોડાયેલ છે તે 'અમારું એક મોટું પરિવાર છે અને દરેક વ્યક્તિ તેનો મહત્વપૂર્ણ' ભાગ છે. એક મુદ્દો એ છે કે કોવિડ-19 રોગચાળો જેણે વૈશ્વિક સ્તરે ઉદ્યોગોની પરીક્ષા લીધી હતી, અને સોનાલીકા પણ તેમાં અપવાદરૂપ નહોતી. જો કે, સોનાલીકા તેના ભાગીદારોની સ્થિતિસ્થાપકતા અને કાળજીના એક ઉજ્જવળ ઉદાહરણ તરીકે ઊભી હતી. અમે અનિશ્ચિત સમયમાં અગાઉથી પગાર ચૂકવીને કર્મચારીઓને પ્રાથમિકતા આપી હતી અને એક પણ કામદારને છૂટા કર્યા ન હતા. દરેક સપ્લાયરને સમયસર અને અગાઉથી પણ ચૂકવણી કરવામાં આવતી હતી, જેથી તેઓ પણ તેમના કર્મચારીઓ અને વ્યવસાયિક જરૂરિયાતોનું ધ્યાન રાખી શકે. સોનાલીકાને તેની કુટુંબલક્ષી સંસ્કૃતિ પર ગર્વ છે, જેણે અમને એકતા અને શક્તિ સાથે પડકારજનક સમયમાં પણ આગળ વધારવામાં મદદ કરી છે

અમારા નિર્ણયો અને કાર્યો પ્રામાણિકતા, સહાનુભૂતિ અને જવાબદારીના મુખ્ય મૂલ્યો દ્વારા સંચાલિત થયા છે. આ સહિયારા મૂલ્યો અમારા નૈતિક ધોરણોને જાળવી રાખે છે, જે અમારા હિતધારકો માટે વિશ્વાસ અને વિશ્વસનીયતાને પ્રોત્સાહિત કરે છે, અને જે અમારા માટે પારદર્શકતા અને પ્રતિબદ્ધતાનું સર્વસમાવેશક વાતાવરણ ઊભું કરે છે.

આ ફિલસૂફીએ કામગીરી આધારિત કાર્ય સંસ્કૃતિના નિર્માણમાં ઘણી મદદ કરી છે, જે જૂથકાર્યમાં માને છે અને તેનો એકમાત્ર હેતુ રોજ અને રોજ વધુ સારો સુધારો લાવવાનો છે. અમારી પાસે એવા કર્મચારીઓના પણ ઉદાહરણો છે જેમણે અમારી સાથે શરૂઆત કરી હતી અને હવે તેઓ અલગ અલગ વિભાગોના વડા છે, એવા ડીલરો કે જેમણે અમારી સાથે નાના વ્યાપારીઓ તરીકે શરૂઆત કરી હતી અને જેઓ અમારી સાથે મોટા થયા છે અને હવે દિગ્ગજ ઉદ્યોગપતિ અને સપ્લાયર્સ બની ગયા છે. સોનાલીકા કુટુંબ એ વિશ્વાસ પર બાંધવામાં આવ્યું છે અને તે અમારા વ્યવસાય પ્રત્યેની અમારી વફાદારી અને સમર્પણમાં રૂપાંતરિત થાય છે. સંખ્યા વધતી જ રહેશે, અમારા લોકો પ્રત્યેનો અમારો વિશ્વાસ એ અમારા માટે સૌથી મહત્ત્વની બાબત છે. અમને અમારા 8,000થી વધુ કર્મચારીઓ અને 20,000થી વધુ વિક્રેતાઓ અને ડીલરોના અમારા પરિવાર પર ગર્વ છે.

સોનાલીકા વૈશ્વિક સ્તરે 17 લાખથી વધુ ખેડૂતોની વિશ્વસનીય ભાગીદાર બનવા માટે પ્રતિબદ્ધ છે. તે માત્ર શ્રેષ્ઠ વર્ગના ટ્રેક્ટરોનું જ પ્રદાન કરતું નથી, પરંતુ ખેડૂતો સાથેના તેના વ્યવહારમાં પારદર્શિતા પર પણ વિશ્વાસ કરે છે. તે એકમાત્ર એવી કંપની છે જે અન્ય ઘણી ટ્રેક્ટર કંપનીઓથી અલગ તેની વેબસાઇટ પર તેના ટ્રેક્ટરના ભાવો પ્રદર્શિત કરે છે. ધિરાણ વિકલ્પોમાં ખેડૂતોને સહાય કરવા માટે કંપનીએ એનબીએફસી સેવાઓમાં પણ પ્રવેશ કર્યો છે.

સવાલ. મહત્વાકાંક્ષી ઉદ્યોગસાહસિકો માટે તમારો સંદેશ શું છે?

"એ જઝ્બા-એ-દિલ અગર મેં યાહું હર ચીઝ મુક્કમમિલ હો જાયે, મંઝિલ કે લિયે દો કદમ યલું ઔર સામને મંઝિલ આ જાયે' - મિર્ઝા ગાલિબના આ શબ્દો મને દરરોજ સખત મહેનત કરવા પ્રેરણા આપે છે અને એમ છતાં હું માનું છું કે સફળતા માટે કોઈ ટૂંકો માર્ગ નથી. માત્ર વિચારો અને પ્રસ્તુતિ કુશળતા કરતાં સખત મહેનત અને અમલ પર ધ્યાન કેન્દ્રિત કરો. સાચી સફળતા બાહ્ય માન્યતા અથવા ભંડોળની રાહ જોવાને બદલે દૃઢતા અને કાર્યમાં રહેલી છે. તમારા ભવિષ્યના માલિક તમે પોતે છો!

નિષ્કર્ષમાં, અમે માનીએ છીએ કે ખેડૂતોની સમૃદ્ધિ માત્ર ટ્રેક્ટર ઉદ્યોગ જ નહીં પરંતુ સમગ્ર અર્થતંત્રના વિકાસ માટેનું અભિન્ન અંગ છે. સોનાલીકા ખેડૂતોને સશક્ત બનાવવા અને તેમના ટકાઉ વિકાસ પ્રાપ્ત કરવાની તેની દૃષ્ટિ માટે પ્રતિબદ્ધ છે. હું માનું છું કે જ્યારે 'કિસાન કા બેટા ભી કિસાન બનના ચાહેગા', ત્યારે મારી યાત્રા પૂર્ણ થશે